<u>ફોજદારી કેસ નં.૩૯૯૩/૨૨</u>

<u>ગુન્હોઃ – ધી જુગાર ધારા અધિનીયમ – ૪,૫ મુજબ</u>

## ચુકાદો

૧. આરોપીઓ વિરુધ્ધ એવો આરોપ છે કે, આરોપીઓજુગાર રમાડતાં મુદામાલ સાથે પકડાઈ ગયેલ હોઈ હાલનું ચાર્જશીટ કરેલ છે.

૨. આરોપીઓ કોર્ટમાં હાજર થતાં કબુલાત પુરસીસ આપેલ છે. આરોપીઓ નિવેદન લેતાં ગુના કબુલાતની પુરસીસને વળગી રહે છે. આરોપીઓની સ્વૈચ્છિક ગુના કબુલાત ધ્યાને લઈ ઉપરોક્ત ગુના અંગે તક્સીરવાન ઠરાવું છું.

૩. આરોપીઓ ને સજા અંગે સાંભળ્યા. આરોપીઓ ની ગુના કબુલાતની પુરસીસ તથા ગુનાનાં સંજોગોને ધ્યાને લીધા. ના. ગુજરાત વડી અદાલતનાં "રાજ્ય વિરૂધ્ધ નટવર હિરચંદજી ઠાકોર" (૨૦૦૫(૧) ગુ.લો.રીપોર્ટર પાનું ૭૦૯) નો ચુકાદો ધ્યાને લીધો. આરોપીઓ ની કબુલાત પુરસીસ તથા ગુનાનાં સંજોગો ધ્યાને લેતાં આરોપીઓ ને કાયદા અનુસારની ન્યુનત્તમ કે મહત્તમ સજા ના કરવાથી પણ ન્યાયનું હિત જળવાઈ રહેશે તેમ જણાતું હોઈ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## હુકમ

ફોજદારી કાર્યવાહી અધિનિયમની કલમ ૨૫૨ નીચે આરોપીઓને ધી જુગારધારા ની કલમ ૪,૫ મુજબ નીચે શિક્ષા પાત્ર ગુના માટે તક્સીરવાર ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા પ્રત્યેક આરોપી ને રૂ. ૨૦૦/– દંડ (બસો રૂ. પુરા) એમ કુલ રૂ. ૧,૬૦૦/–(કુલ રૂ. એક હજાર છસો પુરા)નો દંડ અને દંડ ના ભરે તો દિન– ૨ દીવસ ની સાદી કેદની સજા ફરમાવું છું અને સદરહું આરોપીઓ સામે કેસ કબુલાતથી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે

મુદામાલ પાવતીમાં જણાવેલ રોકડ સરકાર ખાતે જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે અને બાકીના મુદામાલનો અપીલ સમય વીત્યેથી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે તથા મુદામાલ મોબાઈલ અંગે અગાઉ કોઈ વચગાળાનો હુકમ થયો હોય તો તે કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને જો કોઈ હુકમ ન થયો હોય તો તેના મુળ માલિકને ખરાઈ કરી પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તારીખ ૨૬ મી જુન સને ૨૦૨૨ નાં રોજ અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૬/૦૬/૨૦૨૨

સ્થળ:– મીરઝાપુર,અમદાવાદ

છઠા જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ.
અમદાવાદ(ગ્રામ્ય) મીરઝાપુર